### ધો.૯ થી ૧૨ ની એકમ કસોટી શાળા કક્ષાએ યોજાશે

# જિલ્લાની મા. અને ઉ.મા. શાળાઓમાં તા.૧૦ ફેબ્રુઆરીથી બીજી સત્રાંત પરીક્ષા

## ધો.૯ થી ૧૨ ની પરીક્ષાનું આયોજન બાયડ

(બ્યુરો ઓફિસ), તા.૩૧

રાજ્યના શિક્ષણ વિભાગે એકમ કસોટીઓ શાળા કક્ષાએ યોજવાનો નિર્ણય કરી દીધો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૫૦૦ મા. અને ઉ.મા. શાળાઓમાં તા.૧૦ ફેબ્રુઆરીથી ધો.૯ થી ૧૨ ની બીજી સત્રાંત પરીક્ષા શરુ થશે અને આ અંગેનું સમયપત્રક જારી કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાના કારણે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડ પરીક્ષા ૨૦ દિવસ પાછી દેલવાનો નિર્ણય લેવાયો હતો જે મુજબ માર્ચના અંતિમ સપ્તાહમાં ધો.૧૦, ૧૨ બોર્ડ પરીક્ષા યોજાશે. રાજ્યના શિક્ષણ મંત્રીએ દરેક શાળાઓમાં હવે માસવાર કસોટી શાળા કક્ષાએ યોજવાનો નિર્ણય જાહેર કર્યો છે. જ્યારે ધો.૯ થી ૧૨ ની એકમ કસોટી અને સત્રાંત પરીક્ષાઓ બોર્ડના પ્રશ્નપત્રો અને બોર્ડના જ કોમન ટાઈમટેબલ આધારીત રાજ્યની તમામ શાળાઓમાં લેવાનું નક્કી કર્યું હતું પરંતુ બોર્ડના પ્રશ્નપત્રો પરીક્ષા સમય દરમ્યાન સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં વિવાદ ઉભો થયો હતો અને હવે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માસવાર એકમ કસોટીઓ શાળા કક્ષાએ લેવાશે તેવી જાહેરાત કરી છે. અરવલ્લી જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે બીજી સત્રાંત પરીક્ષાનું સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે જે મુજબ તા.૧૦ ફેબ્રુઆરી થી ૧૯ ફેબ્રુઆરી દરમ્યાન ૩ કલાકની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. શનિવાર સિવાયના દિવસે પ્રથમ સેશનમાં પરીક્ષા સવારે ૧૦-૪૫ થી ૧-૫ અને બીજા સેશનમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૨-૩૦ થી ૪-૩૦ દરમ્યાન ૨ કલાકના સમયગાળામાં યોજવામાં આવશે. માત્ર રવિવારની જ રજા વિદ્યાર્થીઓને મળશે.

# ધંધુકા અને શેરગઢની ઘટનાથી ડીસાના હિન્દુ સંગઠનોમાં આક્રોશ : પ્રાંત અધિકારીને આવેદનપત્ર અપાયું

## હત્યારાઓને કડક સજા અને પરીવારને ન્યાય અપાવવા માલધારી સમાજની માંગ




ડીસા, તા. ૩૧

અમદાવાદના ધંધુકામાં માલધારી યુવાનની હત્યા અને રાધનપુરના શેરગઢમાં હિન્દુ દિકરી પર કરવામાં આવેલ જીવલેણ હુમલાના વિરોધમાં સોમવારે ડીસામાં હિન્દુ સંગઠનો દ્વારા આક્રોશ સાથે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું.

ધંધુકા ખાતે થયેલ સ્વ. કિશન ભરવાડની હત્યા અને રાધનપુર ખાતે શેરગઢ ગામની દીકરી પર હિચકારો હુમલાના વિરોધમાં હત્યારાઓને કડકમાં કડક સજા થાય અને પરિવારને ન્યાય મળે તે માટે શ્રી ગોપાલ રબારી સમાજ સેવા સંગઠન (ગોપાલ સેના) ડીસા દ્વારા જીલ્લા પ્રમુખ સાગરભાઈ દેસાઈ, ઉપપ્રમુખ જીવાભાઈ ભાગરા, સંગઠન મંત્રી રાજુભાઈ બાર, રમેશભાઈ દેસાઈ (ટેકરા), મઈજીભાઈ દેસાઈ (ડીસા), વરનોડા ગામના સરપંચ પાંચાભાઈ દેસાઈ, ડીસા તાલુકા પ્રમુખ મોહનભાઈ દેસાઈ, ડીસા શહેર પ્રમુખ જયેશભાઈ નોગોસ, ઉપપ્રમુખ અલ્પેશ દેસાઈ, લોરવાડા સહિત હોદેદારો હાજર રહ્યા હતા. આ ઉપરાંત સમસ્ત હિન્દુ સમાજના આગેવાનો અને યુવાનોની સાથે મહાકાલ સેના, કરણી સેના, હિન્દુ યુવા સંગઠન સહિતના સંગઠનોએ આક્રોશ ઠાલવ્યો હતો. આ અંગે મનોજભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે, વિધર્મીઓ દ્વારા વારંવાર હુમલા કરીને અમને કાયર ન સમજે. અમે ચૂપ બેઠા છીએ પરંતુ કાયર નથી. આથી શાનમાં સમજી જવા માટે ચેતવણી પણ આપી હતી.

# ડીસાના બાઈવાડાના સરપંચે નવનિયુક્ત સરપંચને મોં મીઠું કરાવી ચાર્જ સુપરત કર્યો

## ઉપ સરપંચ તરીકે રમીલાબેન નરસિંહભાઈ જોટાણા બિનહરીફ ચૂંટાયા

ડીસા, તા.૩૧

ડીસા તાલુકાના બાઈવાડા ગ્રામ પંચાયત ની ચૂંટણીમાં સરપંચ બાદ શનિવારે ઉપસરપંચ પદ માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ઉપસરપંચ તરીકે રમીલાબેન નરસિંહભાઈ જોટાણા બિનહરીફ ચૂંટાયા હતાં.



બાઈવાડા ગ્રામ પંચાયત ની યોજાયેલી ચૂંટણીમાં સરપંચ તરીકે ઉકાભાઈ પરમાર વિજેતા બન્યાં હતાં. આથી શનિવારે પૂર્વ સરપંચ કરશનભાઈ હાથીભાઈ જોટાણા એ નવનિયુક્ત સરપંચ તેમજ સદસ્યોને ફુલહાર પહેરાવી, મો મીઠુ કરાવી સરપંચ નો પદભાર ઉકાભાઈ પરમાર ને સુપ્રત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપ સરપંચ પદ માટે ચૂંટણી પક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં રબારી સમાજના યુવા આગેવાન તેમજ ગોપાલ સેના આધસ્થાપક અને સેવાકીય પ્રવૃત્તિઓ માં હરહંમેશ આગળ રહેતાં નરસિંહભાઈ જોટાણા ના ધર્મ પત્ની રમીલાબેન દેસાઈ બિનહરીફ ચૂટાઈ આવ્યાં હતાં. આથી ગ્રામજનોએ પણ ફુલહાર પહેરાવી મો મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે બાઈવાડા ગામના દરેક સમાજ ના આગેવાનો મોટી સંખ્યામાં સાજર રહ્યાં હતાં.

# ઈમાનદારી : ૧૦૮ એમ્બ્યુલન્સ કર્મીઓએ અકસ્માતમાં મૃત્યુ પામેલ યુવકના પરિવારજનોને રોકડ રકમ અને ડોક્યુમેન્ટ પરત કર્યા

મોડાસા, તા. ૩૧

આજના આ યુગમાં જ્યાં માનવતા મરી મરપરવારી છે. ત્યારે ૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મચારીઓએ અનોખી ઈમાનદારી બતાવી રહ્યા છે ઘાયલ લોકોની ત્વરીત પ્રાથમિક સારવાર અને દર્દીઓને ઈમર્જન્સીમાં હોસ્પિટલ સુધી પહોંચાડવાની સાથે માનવતા અને નૈતિકતાનું ઉદાહરણ, ૧૦૮ના કર્મચારીઓ પૂરું પાડે છે. અકસ્માતમાં ઘાયલ દર્દીના કોઈ સ્વજન પણ જે વખતે હાજર ન હોય એ સમયે તેવા દર્દીઓની પાસે રહેલો મુદ્દામાલ લઈ તેમના પરિવારજનોને સહીસલામત પહોંચાડવાની જવાબદારી ૧૦૮ના કર્મીઓ ઈમાનદારીથી નિભાવતા હોય છે. આવો જ એક હૃદયને હૂંફ આપી જતો કિસ્સો બહાર આવ્યો છે જેમાં મેઘરજ ૧૦૮ એમ્બુલન્સના કર્મીઓએ અકસ્માતમાં મૃત પામેલ યુવક પાસેથી મળેલી રોકડ રકમ, પર્સ અને ડોક્યુમેન્ટ્સ પરિવારજનોને પરત કર્યા હતા

મોડાસા-મેઘરજ રોડ પર મેવડા પાટિયા નજીક કાર-બાઈકનો અકસ્માત સર્જાતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સનો સંપર્ક કરતા મેઘરજની ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સના ઈએમટી નાસીમ પઠાણ અને પાયલોટ દશરથસિંહ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ગંભીર ઈજાગ્રસ્ત રાજસ્થાની યુવક જ્યંતિલાલ રોતને સારવાર માટે મેઘરજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જતા સારવાર મળે તે પહેલા મોતને ભેટ્યો હતો મૃતક યુવક પાસેથી ૯ હજાર રોકડા, પર્સ અને આધારકાર્ડ મળી આવતા હોસ્પીટલના સ્ટાફને જમા કરાવતા હોસ્પીટલ સ્ટાફ નર્સ બહેનોએ



મૃતક યુવકના પરિવારજનોને રોકડ રકમ, પર્સ અને ડોક્યુમેન્ટ સુપ્રત કરી માનવતા મહેકાવી હતી.

# બનાસકાંઠાના ૧૭૫ પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણના હુકમ અપાયા

## જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીના હસ્તે થરાદના ૧૫૦ અને વાવના ૨૫ શિક્ષકોને હુકમ અર્પણ કરાયા : સળંગ વીસ વર્ષ ફરજ બજાવનાર શિક્ષકોને મળવા પાત્ર ઉચ્ચતર પગાર ધોરણ મળશે

પાલનપુર તા.૩૧

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા શિક્ષક તરીકે સળંગ વીસ



વર્ષ ફરજ બજાવનાર ૧૭૫ પ્રાથમિક શિક્ષકોને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીના હસ્તે ઉચ્ચતર પગાર ધોરણના હુકમ અર્પણ કરવામાં આવ્યા છે. રાજયના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા જે શિક્ષક વીસ વર્ષની ફરજ પુરી કરે છે તેવા શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવામાં આવે છે. જેમાં બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકામાં ૧૫૦ અને વાવ તાલુકામાં ૨૫ મળી કુલ ૧૭૫ પ્રાથમિક શિક્ષકોની વીસ વર્ષ ની ફરજ પુરી થતી હોય જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સંજયભાઈ પરમાર ના હસ્તે વાવ થરાદના ૧૭૫ પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણ ના હુકમ અર્પણ કરવામાં આવ્યા હતા. વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠાના જિલ્લાના સંવાદદાતા હરેશ જી જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જોકે આ શિક્ષકોને હવે સરકારના ધારા ધોરણ મુજબ ઉચ્ચતર પગાર ધોરણ નો લાભ મળશે જેને લઈ શિક્ષકોના આનંદની લાગણી છવાઈ હતી.

# બનાસકાંઠાના દિયોદરમાં વધુ સાત ગુલ્લીબાજ શિક્ષકો ઝડપાયા

પાલનપુર તા.૩૧

બનાસકાંઠા જિલ્લા ની સરકારી પ્રાથમિક સ્કૂલોમાં શિક્ષકોની કામગીરી નું જાત નિરક્ષણ કરવા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ દિયોદર તાલુકાની વિવિધ પાંચ સ્કૂલોમાં સર પ્રાઈઝ ચેકીંગ કર્યુ હતુ જેમાં વધુ સાત ગુલ્લીબાજ શિક્ષકો પકડાયા હતા. જોકે તાજેતરમાં ૨૪ શિક્ષકો ફરજમાં ગુલ્લી મારતા પકડાતા તેમની સામે શિક્ષાના હુકમ કરવામાં આવશે. બનાસકાંઠા જિલ્લામાં કોરોના સંક્રમણને લઈ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકોનું પ્રત્યક્ષ શિક્ષણ બંધ હોઈ અને સ્કૂલોમાં બેઠા શિક્ષકો દ્વારા ઘરે બેઠા બાળકોને ઓન લાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠાના જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે. જોશી પાલનપુરનો અહેવાલ જણાવે છે કે, ત્યારે કેટલીક પ્રાથમિક શાળાના શિક્ષકો ફરજમાં ગુલ્લી મારતા હોય તેમજ ફરજમાં લાપરવાહી દાખવતા હોઈ જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારે તાજેતરમાં ભાભર, અમીરગઢ, પાલનપુર અને દાંતા તાલુકાની વિવિધ ૧૦ સ્કૂલો ઓચિંતી મુલાકાત લઈ ૨૪ શિક્ષકોની અનિયમિતતા અને ફરજમાં લાપરવાહી મામલે આ શિક્ષકોને કારણ દર્શક નોટીસો ફટકારી ખુલાસો માગ્યા બાદ તેમને શિક્ષા ના હુકમ કરવા ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે વચ્ચે જિલ્લા શિક્ષણ અધિકારી શુક્રવારે દિયોદર તાલુકાની વિવિધ પાંચ સ્કૂલોની ઓચિતી મુલાકાત લેવા વધુ સાત ગુલ્લીબાજ શિક્ષકો ઝડપાયા તેમને કારણ દર્શક નોટિસો ફટકારી ખુલાસો માંગવામાં આવ્યો છે.

# પ્રાંતિજના ફતેપુરામાંથી રૂપિયા ૩,૮૪,૦૦૦ ની કોપરની પ્લેટોની ચોરી

## અજાણ્યા તસ્કરો ટ્રાન્સફોર્મર તોડી અંદર રહેલ ૬૪૦ કિલો કોપરની પ્લેટો ચોરી ગયા : ૭૦૦ લિટર ઓઇલ પણ સ્થળ ઉપર ઢોળી દઇ નુકસાન કર્યુ

પ્રાંતિજ તા.૩૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકા ના ફતેપુર ગામની સીમ મા લાગેલ ચારસો કે.બી.ના બે ટ્રાન્સફોર્મર તોડી કોપર ની પ્લેટો ચોરી જતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઇ.

પ્રાંતિજ ફતેપુરા ગામની સીમમા આવેલ તળાવ ની બાજુ મા આવેલ પાણી પુરવઠા પ્લાન્ટ ની બહાર ખુલ્લા મા રહેલ વિકાસ ઈલેક્ટ્રીક એસ્ટેટ ના ગુજરાત પાણી પુરવઠા બોર્ડ ના સરકારી કોન્ટ્રાક્ટના પમ્પીંગ સ્ટેશન બહાર ખુલ્લામા લાગેલ ચારસો કે.બી.ના બે ટ્રાન્સફોર્મર તોડી નાખી તેમા રહેલ કોપર ની પ્લેટો જેનુ વજન ૬૪૦ કિલો ગ્રામ જેની કિંમત રૂપિયા-૩,૮૪,૦૦૦ ની ચોરી કરી તથા ટ્રાન્સફોર્મર મા રહેલ ઓઈલ-૭૦૦ લીટર સ્થળ ઉપર ઢોળી દઈ નુકસાન કરી ચોરી કરી લઈ જતા આ અંગેની ફરિયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં પુનીત નરેશભાઈ બેચરભાઈ દેસાઈ ઉ.વર્ષ-૩૫ રહે.ભદ્રેસર દેસાઈ વાડો , ઈડર હાલ.રહે ડીસા એલ.ડી પાર્ક-૧ ત્રણ હનુમાન રોડ તા.ડીસા જિ.બનાસકાંઠા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૩૭૯,૪૨૭ મુજબ ગુનો નોધી આગળ ની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીએસઆઇ એમ.બી.કોટવાલ દ્વારા તપાસ હાથ ધરવામા આવી હતી.

### ધંધુકા મર્ડર કેસની ઘટનાના પડઘા પાલનપુરમાં પડ્યા...

# ‘હમ શર્મિંદા હૈ, કિશન તેરે આરોપી જિંદા હૈ’ના નારાઓથી કલેક્ટર કચેરી ગુંજી ઉઠી

## વિવિધ હિંદુ સંગઠનો હત્યારા ઓને કડક સજા કરવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું : ન્યાય નહીં મળે તો ઉગ્ર આંદોલનો કરવાની ચીમકી પણ અપાઈ




પાલનપુર તા. ૩૧

અમદાવાદના ધંધુકામાં હિન્દૂ યુવક ની સરેઆમ હત્યા કરવાની ઘટના પડઘા બનાસકાંઠાના પાલનપુરમાં પડ્યા છે જેમાં વિવિધ હિંદુ સંગઠનોએ હત્યારાઓ ને કડક માં કડક સજા કરવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી મૃતક કિશન ભરવાડને ન્યાય નહિ મળે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. અમદાવાદના ધંધુકા માં કિશન ભરવાડ ની ગોળી ઓ મારી ને હત્યા કરવામાં આવી હતી અને રાધનપુર માં એક હિન્દૂ યુવતી પર હુમલો કરવાની ઘટનાના સમગ્ર રાજ્યમાં ઘેરા પ્રત્યાંઘાત પડ્યા છે.

ત્યારે હિન્દૂ ઓ પર થતા હુમલા અને અત્યાચાર રોકવા અને આ બન્ને બનાવના આરોપી ને કડક સજા કરવા માટે બનાસકાંઠા જિલ્લાના હિન્દુ સંગઠનો એ પાલનપુર કલેક્ટર કચેરી ખાતે ન્યાય આપો’ અને ‘હમ શર્મિંદા હૈ, કિશન તેરે આરોપી જિંદા હૈ ’ ના નારા લગાવી કલેક્ટર કચેરી ગુંજવી મૂકી હતી તેમજ ધંધુકા અને રાધનપુરની ઘટનાના વિધર્મી આરોપીઓને કડકમાં કડક સજા કરવા માંગ સાથે આવેદનપત્ર પાઠવ્યું હતું. અને ન્યાય નહી મળે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

### અંબાજી મંદિરના દ્વાર ફરી ખુલશે

# ભક્તો માટે આજથી સરકારી ગાઈડ લાઈન મુજબ મંદિર ખુલશે

## સરકારની SOP મુજબ મંદિરના દ્વાર ખોલવા નિર્ણય....

પાલનપુર તા. ૩૧

શક્તિપીઠ અંબાજી મંદિર નાં દ્વાર દર્શનાર્થીઓ માટે ફરી ખુલશે. હમણાં કોરોના ની ગાઈડલાઈન પ્રમાણે ૧૫ જાન્યુઆરી થી ૩૧ જાન્યુઆરી સુધી અંબાજી મંદિર દર્શનાર્થીઓ માટે બંધ કરવામાં આવ્યુ હતુ. ને હવે ફરી ૧૫ દિવસ બંધ રહ્યા બાદ આગામી ૧ ફેબ્રુઆરી મંગળવારથી ફરી દર્શનાર્થી ઓ માટે અંબાજી મંદિર ખોલવાનો નિર્ણય અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટે લીધો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,



જોકે અંબાજી દર્શને આવનાર યાત્રીકો એ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું પડશે અને કોરોના ની પ્રતિરોધક રશી ના બે ડોઝ લીધેલા નાં સર્ટીફિકેટ રજુ કરવાં પડશે. એટલુંજ નહીં સરકાર ની એસ.ઓ.પી પ્રમાણે માસ્ક ફરજીયાત રાખી સોશીયલ ડિસ્ટન્સ થી માતાજી નાં દર્શન નો લાભ લઈ શકશે.

દર્શનાર્થીઓએ ઓનલાઈન બુકીંગ કરવાનું રહેશે. કોરોનાની રસીના બે ડોઝ ફરજીયાત લીધેલા હોવા જોઈએ. જોકે મંદિર ટ્રસ્ટે લીધેલા આ નિર્ણય ને લઈ યાત્રીકો સહીત અંબાજી નાં વેપારીઓ માં પણ ખુશી ની લહેર જોવા મળી છે. કોરોનાની રસીના બે ડોઝ લીધા ના સર્ટીફિકેટ રજુ કરવા પડશે.